# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-02-2025 Day : Wednesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## વિધાનસભા અંદાજપત્ર સત્ર

ગુજરાત વિધાનસભાનું અંદાજ પત્ર સત્ર આજથી પાટનગર ગાંધીનગર ખાતે શરૂ થાય છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનાં સંબોધન સાથે સત્રનો આરંભ થશે. રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ આવતીકાલે વર્ષ 2025-26નાં વર્ષ માટેનું અંદાજ પત્ર રજૂ કરશે. આ 28મી માર્ચ સુધી ચાલશે.

-----------------------------------------------------------------------------------

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી - રાજ્ય

ગુજરાતમાં 16મી ફેબ્રુઆરીએ યોજાયેલી જૂનાગઢ મહાનગર પાલિકા અને 66 નગરપાલિકા તેમજ તાલુકા અને જીલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપનો વિજય થયો છે. ભાજપે 62 જેટલી નગરપાલીકામાં જીત મેળવી છે જ્યારે કોંગ્રેસને એક અને સમાજવાદી પાર્ટીને બે નગરપાલિકામાં વિજય મળ્યો છે. ત્યારે જીત બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાત ભાજપાના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે આ પરિણામોને મતદારોનો વિજય ગણાવ્યો હતો. દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિજયને વધાવતા ભાજપનું ગુજરાત સાથેનું જોડાણ વધુ મજબૂત બન્યાનું જણાવ્યું હતું.

-----------------------------------------------------------------------------------

# સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી - કચ્છ

રાજ્યની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની 16 ફેબ્રુઆરીએ યોજાયેલી ચુંટણીમાં ભાજપને ફરી એક વખત મોટી જીત મળી છે.

રાજ્યની સાથે કચ્છમાં પણ બે નગરપાલિકા અને ત્રણ તાલુકા પંચાયતની બેઠકોના પરિણામ જાહેર થઇ ચૂક્યા છે.

ભચાઉ નગરપાલિકામાં કુલ 7 વોર્ડની 28 બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાંથી ભાજપે 17 બેઠકો બિનહરીફ જીતી હતી. જ્યારે બાકીની 11 બેઠકોના પરીણામે ગઈકાલે જાહેર થતા તમામ 11 બેઠકો પર ભાજપે જીત મેળવી લીધી છે. આમ ભચાઉ નગરપાલિકાની તમામ 28 બેઠકો ભારતીય જનતા પાર્ટીએ કબ્જે કરી છે.

રાપર નગરપાલિકામાં કુલ 28 બેઠકોમાંથી 21 બેઠક ભાજપે જીતી લીધી છે, જ્યારે 7 બેઠકો કોંગ્રેસે જીતી છે. આ પહેલા એક બેઠક બિનહરીફ થઇ હતી. મત ગણતરીની આ કામગીરીમાં 65થી વધુ કર્મચારીઓ રોકાયેલા હતા.

કચ્છની ત્રણ તાલુકા પંચાયતની પેટા ચૂંટણી યોજાઇ હતી જેમાં ત્રણે બેઠકો પર ભાજપે જીત મેળવી છે. માંડવી તાલુકાની દશરડી બેઠક પર વિનોદ જબુઆણીને 2336 મત, મુન્દ્રા તાલુકાની મોટી ભુજપુર બેઠકમાં નારાણ કાના શાખરાને 1789 મત અને ભચાઉ તાલુકાની લાકડિયા બેઠક માટે હરિભા ગઢવી 1658 મત મેળવી વિજયી થયા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ સારો દેખાવ કરતા કાર્યકરો અને પક્ષના મોવડીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ફટાકડા ફોડી અને એકબીજાનુ મોઢું મીઠું કરાવી શુભેચ્છાઓ આપવામાં આવી રહી છે.

---

## ચણા – રાયડા ખરીદી

રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડાનાં ટેકાનાં ભાવે ખરીદી માટે ગઈકાલથી નોંધણી શરૂ કરાઈ છે. ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર વિના મૂલ્યે ઓનલાઇન નોંધણી નવમી માર્ચ સુધી કરી શકાશે. આ માટે 14મી માર્ચથી રાજ્યના તમામ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદી કરવામાં આવશે. ખેડૂતોને ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી કૃષિ મંત્રી રાઘવજી પટેલ દ્વારા ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી અંગેનું આયોજન કરાયું છે. જેમાં 2024-25ના વર્ષ માં ચણાના પાક માટે 5 હજાર 650 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ અને રાયડાના પાક માટે 5 હજાર 950 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

---

## ચેમ્પિયન ટ્રોફી

ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ જંગનો આજથી આરંભ થાય છે. ટુર્નામેન્ટ દુબઈ અને પાકિસ્તાનમાં રમાશે. ભારતનો બંગલાદેશ, પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ સાથે એ ગ્રુપમાં સમાવેશ થયો છે. કુલ આઠ દેશો વચ્ચે 15 મેચ રમાશે. ભારત તેની સ્પર્ધાનો આરંભ કાલે બંગલાદેશ સાથે કરશે. 23મીએ આપણો મુકાબલો પાકિસ્તાન સાથે થશે. ભારત તેની બધી મેચ દુબઈ ખાતે રમશે. મેચ ભારતીય સમય અનુસાર બપોરે અઢી વાગ્યે શરૂ થશે.

---

## માછીમારોને સૂચના ઓખા

નેવલ કોસ્ટ બેટરી-ઓખા દ્વારા આજે ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા દરમિયાન સમુદ્રમાં નેવલ કોસ્ટ બેટરી, ઓખાથી સમુદ્ર તરફ તટથી લગભગ ૧૨ નોટીકલ માઇલ દૂર સુધીના અને ૪૨૦૦૦ ફુટ ઉંચાઇ સુધીના વિસ્તારમાં ફાયરીંગની પ્રેકટીસ થવાની હોય આ વિસ્તારને ભયજનક વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે. જેથી આ વિસ્તારના માછીમારોએ માછીમારી કરવા માટે ન જવા તેમજ પોતાના સાધનોની કાળજી રાખવા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક ઓખાની યાદીમાં જણાવાયું છે.

---

## મોટા અંગિયા ગ્રામ પંચાયત - સમૂહલગ્ન

નખત્રાણા તાલુકાના મોટા અંગીયા ગ્રામ પંચાયત દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે ગ્રામ પંચાયત દ્વારા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે 15 દિકરીઓના 22મી ફેબ્રુઆરીના સમૂહલગ્ન યોજાશે.

---------------------------------------------------------------------------------------------------

## સંગ્રહાલય – ભુજ પ્રદર્શન

ભુજ કચ્છ સંગ્રહાલય દ્વારા ભારત સરકારનાં આઝાદીના અમૃતકાળ અંતર્ગત વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં, ગુજરાતી સાહિત્યમાં અમૂલ્ય યોગદાન આપનાર અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીના ગદ્ય અને પદ્ય પર આધારિત પ્રદર્શન ૨૮મી ફેબ્રુઆરીના યોજાશે. આ પ્રદર્શન ૨૮મી ફેબ્રુઆરીથી બીજી માર્ચ સુધી નિહાળી શકાશે.

---------------------------------------------------------------------------------